પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૪૦, કુલ પાના:૪, તારીખ: ૦૭-૧૦-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 40 PRICE :-RS. 1.50 DATE : 07-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમનું ઈ-લોકાર્પણ

## રાજ્યની ગ્રામ પંચાયતોમાં 'ડિજિટલ ક્રાંતિ': ૨૨ સેવાઓ ઘર આંગણે



ગાંધીનગર,

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવા સેતુનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમનું ઈ લોકાર્પણ કર્યુ છે. આ કાર્યક્રમ આગામી ૮ ઓક્ટોબરથી પ્રથમ તબક્કામાં રાજ્યના ૨ હજાર ૭૦૦ ગામડાઓને આવરી લેવામાં આવશે. મુખ્યમંત્રીએ હવે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડિઝીટલ ઈન્ડીયાના સપનાને સાકાર કરવામાં પણ ગુજરાતને અગ્રીમ-લીડ લેવા સજ્જ કર્યુ છે.

અહીં ડિજિટલ સેવા સેતુના માધ્યમથી ૨૨ જેટલી સેવાઓનો લાભ ગ્રામજનો ઘરઆંગણે જ લઈ શકશે. મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું કે, સરરકારે સેવા સેતુનો વ્યાપ વધારી ગ્રામ્ય વિસ્તારનો પ્રજાજનોને ડિજિટલ સેવા આપવાનો નિર્ણય કર્યો છે.

ડિજિટલ સેવા સેતુને કારણે ગ્રામીણ પ્રજાજનોને રોજબરોજની સેવા તેમજ જરૂરી પ્રમાણપત્રો માટે તાલુકા કે જિલ્લા મથકે નહીં જવું પડે. ડિસેમ્બર મહિના સુધીમાં વધુ ૮ હજાર ગ્રામપંચાયતોને ડિજિટલ સેવા સેતુ સાથે જોડવામાં આવશે. સીએમે જણાવ્યું કે વિવિધ સેવાઓ માટે એફિડેવિટ કરવાની સત્તા હવે નોટરી અને તાલુકા મેજિસ્ટ્રેટ ઉપરાંત ગ્રામ પંચાયતના તલાટી મંત્રને પણ આપવામાં આવશે.

ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ૮ ઓક્ટોબરથી ડિજિટલ સેવા સેતુનો પ્રારંભ કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત નાના ગામડાઓમાં ઓનલાઈન સેવાઓ શરૂ કવામાં આવશે. આ અંગે સીએમ રૂપાણીએ જણાવ્યું કે, આ કાર્યક્રમથી વચેટિયા પ્રથા બંધ થઈ જશે. ગ્રામ્ય વિસ્તારના લોકોએ બહાર નહીં જવુ પડે. ૨ હજાર ગ્રામપંચાયતોમાં ૨૦ સેવાઓ શરૂ થશે. તાલુકા કક્ષા સુધી દાખલો લેવા જવાની જરૂર નહીં પડે.

તદઅનુસાર, **Oaths Act 1969**ની કલમ-૩ની જોગવાઈઓ મુજબ કરવાના સોગંદનામા એફિડેવિટ કરવા માટે ગ્રામ્યકક્ષાએ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રીને સત્તાઓ આપવામાં આવશે. જેથી ગ્રામીણ નાગરિકોને ગામમાંથી જ એફિડેવીટ ગ્રામ પંચાયતમાં ઉપલબ્ધ થઈ શકશે.

રૂપાણીએ ગામડાને જ મિની સચિવાલય બનાવવાનો નવિન કોન્સેપ્ટ આ ડિઝીટલ સેવાસેતુમાં અપનાવ્યો છે. આ અંતર્ગત ગ્રામ પંચાયતના સેવા કેન્દ્ર-ગ્રામ પંચાયત કચેરીએથી જ હવે, રેશનકાર્ડની સેવાઓમાં નામ દાખલ કરવું, નામ કઢાવવું કે સુધારો કરવો અથવા ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવું જેવી સેવાઓ, આવકનો દાખલો, સિનીયર સિટીઝનનો દાખલો, ક્રિમીલીયર સિર્ટિફિકેટ, જાતિના પ્રમાણપત્રો જેવી સેવાઓ ડિઝીટલ સેવા સેતુ માધ્યમથી માત્ર ૨૦ રૂપિયાની નજીવી ફીથી મળશે. હાલ ૨૭૦૦ ગામડાઓમાં આ સેવા શરૂ કરવામાં આવશે.

આ કાર્યક્રમ હાલમાં ૨૭૦૦ ગામડાઓમાં શરૂ કરવામાં આવ્યો છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને ગામની બહાર જવાની જરૂર પડશે નહીં. ગ્રામજનોને રેશનકાર્ડ, આવકના દાખલા વગેરેની પ્રીન્ટ હવે ગામમાં જ મળી જશે. ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ ૮ ઓકટોમ્બરથી શરૂ કરવામાં આવશે. ગ્રામજનોને મ. જેમાં લઘુમતિપ્રમાણ પત્ર, ૭/૧૨ના ઉતારાઓ પણ આ સુવિધામાં સામેલ છે. ૨ હજાર ગ્રામપંચાયતમાં શરૂ થશે આ કાર્યક્રમ અને ૧૬૭ તાલુકાને આ સુવિધાનો લાભ મળશે.

ડિઝીટલ સેવા સેતુમાં સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે, રાજયના ગામડાંઓમાં ૧૦૦ **MBPS**ના હાઈસ્પીડ ઈન્ટરનેટ સરળતાએ મળી રહે એ માટે ઓપ્ટિકલ ફાયબર નેટવર્કથી જોડાણો આપવામાં આવશે.

અત્યાર સુધીમાં ૩૨૯૬૧ કિ.મીટર અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક દ્વારા ૨૩ જિલ્લાની ૭૬૯૨ ગ્રામ પંચાયતોને આવરી લેવાઈ છે. એટલું જ નહિ, દરેક ગ્રામ પંચાયત સ્ટેટ ડેટા સેન્ટર સાથે જોડાયેલી છે.

- પંચાયતમાં જ રૂ. ૨૦ની ફી પર આવક સહિતના દાખલા જાતિ પ્રમાણપત્રો મળશે.
- રેશનકાર્ડ, આવકનો દાખલા, એફિડેવિટ, સર્ટિફિકેટ જેવી ૨૨ જેટલી સેવાઓ ૮ ઓક્ટોબરથી ગામમાં જ મળી રહેશે.
- પ્રથમ તબક્કામાં ૧૬૭ તાલુકાની ૨૭૦૦ ગ્રામ પંચાયતમાં અમલ, ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ૮ હજાર ગામને આવરી લેવાશે.
- વિવિધ સેવાઓ માટે એફિડેવિટ કરવાની સત્તા હવે નોટરી-તાલુકા મેજીસ્ટ્રેટ ઉપરાંત ગ્રામ પંચાયતના તલાટી મંત્રીને પણ આપવામાં આવશે.
- ડિજિટલ સેવા સેતુથી રાજ્યના ૧૮ હજારથી વધુ ગામોને મોર્ડન વિલેજ સાથે ગ્લોબલ વિલેજ બનાવવાનો માર્ગ મોકળો થશે.
- અત્યાર સુધીમાં ૩૨૯૬૧ કિ.મી અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટીકલ ફાયબર નેટવર્કથી ૨૩ જિલ્લાની ૭૬૯૨ ગ્રામ પંચાયતોને આવરી લેવાઈ, દરેક સ્ટેટ ડેટા સેન્ટર સાથે કનેક્ટેડ.

## અલવર ગેંગરેપ: તમામ આરોપી દોષી, ૪ને આજીવન કેદ

જયપુર,

અલવરના થાનાગાજી વિસ્તારમાં લગભગ સવા વર્ષ પહેલા બહુચર્ચિત ગેંગરેપ કેસમાં એસસી-એસટી કોર્ટએ પોતાનો ચુકાદો સંભળાવી દીધો છે. કોર્ટમાં તમામ પાંચેય આરોપીઓને દોષી પુરવાર થયા છે. એસસી-એસટી કોર્ટના જજ બૃજેશ કુમારે આ ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટમાં સજા મુદ્દે ચર્ચા થયા બાદ ચાર દોષિતોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. તેમાં દોષી હંસરાજને અંતિમ શ્વાસ સુધી જેલમાં રહેવાની સજા કરવામાં આવી છે. જ્યારે પાંચમા દોષી મુકેશને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે. ચુકાદાને ધ્યાનમાં લઈ કોર્ટ પરિસરમાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. કોર્ટની આસપાસ મોટી સંખ્યામાં ભીડ એકત્ર થઈ હતી.

સમગ્ર રાજસ્થાનને હલાવી દેનારો આ મામલો અલવરના થાનાગાજી પોલીસ સ્ટેશનમાં ૨ મે ૨૦૧૯ના રોજ નોંધાયો હતો. ઘટનાક્રમ અનુસાર આરોપીઓએ રસ્તે પસાર થઈ રહેલા એક દલિત દંપતીને બંધક બનાવી દીધું હતું. ત્યારબાદ પાંચ આરોપીઓએ પતિને યાતનાઓ આપવાની સાથે તેની નજર સામે જ પત્ની સાથે સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ ઉપરાંત આરોપીઓએ આ સમગ્ર ઘટનાક્રમનો અશ્લીલ વીડિયો બનાવી દીધો હતો. બાદમાં તેને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો.

થાનાગાજી પોલીસે આરોપીઓની ધરપકડ કર્યા બાદ ૧૮ મે ૨૦૧૯ના રોજ પાંચ આરોપીઓ અશોક, ઈન્દ્રાજ, મહેશ, હંસારાજ અને છોટેલાલની વિરુદ્ધ ગેંગરેપ, લૂંટફાટ, ધમકી, ગેરકાયદેસર રીતે વસૂલી અને એસસી-એસટી એક્ટમાં દોષી માનતા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

(અનુ.પાના.નં.૨)



**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગર જિલ્લામાં આજે ૧૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૧૨૪ પોઝીટીવ કેસ નોંધાયા




લુણાવાડા,
સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૬-૧૦-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૧૨૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૯૮૬ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૫૬૮૧૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૪ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૩ દર્દી હોમ આઇસોલેશન, ૦૯ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૨ દર્દી SDH સંતરામપુર, ૦૫ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૩ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓકિસજન પર છે.

## અનલોક-પમાં કોરોના સંદર્ભની તમામ સાવચેતીઓનું ચુસ્તપણે પાલન કરવા કલેકટરની મહીસાગરવાસીઓને અપીલ

લુણાવાડા,
કોવીડ-૧૯ના સંદર્ભમાં કેન્દ્ર સરકારે અનલોક-પની ગાઇડ લાઇન જાહેર કરી છે. તે સંદર્ભમાં કલેક્ટર આર. બી. બારડે મહીસાગરવાસીઓને અનલોક-પમાં પણ કોરોના સંદર્ભની તમામ સાવચેતીઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કેન્દ્ર સરકાર દ્વારા અનલોક -પ અંતર્ગત જે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે તે મુજબ આગામી તા.૧૫ ઓકટોબરથી સિનેમા હોલ, થિયેટર, મલ્ટીપ્લેક્ષમાં ૫૦ ટકા કેપેસીટી સાથે, એન્ટરટેઇનમેન્ટ પાર્ક અને તેના જેવા અન્ય પાર્ક, સ્વિમિંગ પુલ, પાર્ક, ગાર્ડન અને બિઝનેસ એકઝીબિશન પણ માર્ગદર્શિકા મુજબ ચાલુ કરી શકાશે તેમ જણાવ્યું છે.

કલેકટરએ કન્ટેઇનમેન્ટ વિસ્તારો અને ભવિષ્યમાં જે વિસ્તારને કન્ટેઇનમેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવે તે તમામ વિસ્તારોમાં લોકડાઉન ચાલુ રહેશે. જયારે આંતર જિલ્લા અને આંતર રાજય મુસાફરી કરવાની થાય તો કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ ન હોવાનું વધુમાં ઉમેર્યું હતું.

અનલોક-પમાં પણ કોરોના સંદર્ભે તમામ સાવચેતીઓનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી હોવાનું જણાવી કોરોના સંક્રમણથી બચવા જેમની ઉંમર ૬૦ કે તેથી વધુ છે તેવા વડીલો અને જેમને અન્ય મોટી બિમારીઓ છે તેવા વડીલો અને ખાસ કરીને સગર્ભા મહિલાઓ અને દસ વર્ષથી નીચેની ઉંમરના બાળકો પણ ઘરમાં જ રહે તે ખૂબ જરૂરી છે. જાહેર જગ્યાએ, ઘરની બહાર નીકળતા સમયે કે મુસાફરી કરતા સમયે અવશ્ય માસ્કનો ઉપયોગ કરીએ તેમજ સાથોસાથ દુકાનો કે જાહેર જગ્યાઓએ ૬ ફૂટનું અંતર જાળવી રાખીએ એ જ આજના સમયે કોરોના સંક્રમણ સામે બચવાનો એક માત્ર શ્રેષ્ઠ ઉપાય છે.

# કોરોના કાળામાં ઓનલાઈન એજ્યુકેશન મેળવી રહેલા બાળકોએ તેમના આંખના સ્વાસ્થ્યની વિશેષ દરકાર લેવી જરૂરી છે

લુણાવાડા,
નોવેલ કોરોના વાયરસના સંક્રમણની ગંભીરતા અને ભુલકાઓના સ્વાસ્થ્યને દયાને રાખીને શાળાઓના દરવાજાઓ બંધ કરવામાં આવ્યા છે. પરંતુ કોરોનાને કારણે બાળકોનું ભણતર ન બગડે તે માટે રાજ્યભરમાં શાળાઓ દ્વારા ઓનલાઈન એજયુકેશન આપવામાં આવી રહ્યું છે. બ્લેક બોર્ડ દ્વારા શિક્ષણ મેળવતી આંખો આજકાલ રોજની ૧-૨ કલાક મોબાઈલ, કોમ્પ્યુટર કે લેપટોપની સ્કીન સામે શિક્ષણ મેળવી રહી છે. ત્યારે બાળકોની આંખોની સ્વસ્થતા માટે દરેક વાલીજનોએ વિશેષ કાળજી લેવી અનિવાર્ય છે.

કોરોનાને કારણે આજે ફરિજયાતપણે બાળકોને ઓનલાઈન એજ્યુકેશન લેવાનો વારો આવ્યો છે. ત્યારે ટેકનોલોજીના વપરાશ સાથે તેના લાભ-ગેરલાભ પણ જોડાયેલા હોય છે. તેથી ઓનલાઈન એજ્યુકેશન મેળવી રહેલા દરેક બાળકોએ તેમના આંખના સ્વાસ્થ્યની વિશેષ દરકાર લેવી જરૂરી છે.

આંખની તંદુરસ્તી માટે ૨૦:૨૦:૨૦ રેશ્યોની કસરત આંખ માટે ખુબ સારી છે. એટલે કે ૨૦ મિનિટ, ૨૦ સેકન્ડ અને ૨૦ ફુટ. મોબાઈલ કે લેપટોપની સ્કીન પર કામ કરતાં કે એજ્યુકેશન લેતા બાળકોએ દર ૨૦ મિનિટે ૨૦ સેકેન્ડ માટે સ્કીનથી ૨૦ ફુટ દૂર જોવાની કસરત કરવી જોઈએ. જેનાથી બાળકોને સ્કીનમાંથી મળતા રેડીએશનથી રાહત મળશે. તેમજ બાળકોએ થોડી થોડી વારે આંખો પણ પટપટાવી જેથી આંખો સુકાઈ ન જાય.

કોરોનાને કારણે સામાન્ય રીતે વડીલોએ ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ. જો કોઈ આંખના પડદા અને મોતીયા જેવી સમસ્યાથી પીડાતા હોય તો ડોકટર્સ દ્વારા લખેલા ટીપાઓનો ઉપયોગ શરૂ રાખવો. જો વધુ પડતી તકલીફ થતી હોય તો જ હોસ્પિટલની મુલાકાત લેવી. ખાસ કરીને આંખને જરૂરી વિટામીન્સ પુરા પાડતા ખોરાકનું સેવન કરવું. લીલા શાકભાજીનો ઉપયોગ વધારો અને બને ત્યાં સુધી રાતના ૮ કલાક પછી મોબાઈલનો ઉપયોગ ટાળવો. સાથો સાથ પુરતા પ્રમાણમાં ઉંઘ લેવી કારણકે ઉંઘ પુરી ન થવાથી પણ સ્વાસ્થ્ય કથળે છે. સ્વાસ્થ્ય કથળતા બિમારીઓ જલ્દીથી શરીર ઉપર હાવી થઈ જાય છે. તેથી રોગ પ્રતિકારક શકિત વધે તેનું વિશેષ દ્યાન રાખીએ.

શરીરને સ્વસ્થ રાખવા માટે શરીરના દરેક અંગોની કાળજી રાખવી આવશ્યક છે. તેથી આજથી કુદરતના દરેક રંગોના દર્શન કરાવતી આંખો માટે દિવસમાં ૨૦-૨૦-૨૦ કસરતને આપણા જીવનનો રોજીંદો ભાગ બનાવીએ. અને આંખોની તંદુરસ્તી જાળવીએ.

## લુણાવાડાની આશા વર્કર બહેનો દ્વારા નવજાત શિશુ અને પ્રસૂતા માતાઓની ગૃહ મુલાકાત લેવામાં આવી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

કોરોનાની આ મહામારીના સમયમાં પણ આરોગ્ય કર્મચારીઓ નાગરિકોના કોરોનાની સારવારની સાથોસાથે સગર્ભા માતાઓ, પ્રસૂતા માતાઓ અને નવજાત શિશુઓના આરોગ્યની પણ કાળજી રાખવામાં આવી રહી છે.

તદ્દઅનુસાર અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડાના લુણાવાડા-૩ પેટા કેન્દ્રની ફીમેલ હેલ્થ વર્કર દ્વારા નવજાત શિશુ અને પ્રસૂતા માતાઓની ગૃહ મુલાકાત લઇને તેઓના આરોગ્યની ચકાસણી કરવાની સાથે હાલના કોરોનાના આ કપરા કાળમાં પોતાની અને બાળકના આરોગ્યની કેવી રીતે જાળવણી કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આજ રીતે આરબીએસકેની ટીમ-૪૪૨ દ્વારા શહેરના ભોઇવાડા આંગણવાડી ખાતે સગર્ભા માતાઓના આરોગ્યની સાથે તેઓના વજન અને ઉંચાઇની પણ ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ૦ થી ૫ વર્ષના બાળકોના વિકાસનું મોનીટરીંગ કરવાની સાથે બાળકોના આરોગ્યની તપાસણી કરી હતી. આમ, આરોગ્ય કર્મીઓ જિલ્લાના નાગરિકોની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય જળવાઇ રહે તે માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

# લુણાવાડામાં માસ્ક વગર ફરતી વ્યક્તિઓ પાસેથી રૂા. ૧૧ હજારનો દંડ વસુલ કરાયો



લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઇ રહ્યા અને સરકારની ગાઇડલાઇન તેમજ જિલ્લા વહીવટીતંત્ર તરફથી માસ્ક પહેર્યા વગર બહાર ન નીકળવા વારંવાર જણાવવામાં અને સમજાવવામાં આવતું હોવા છતાં પણ હજુ પણ ઘણા નાગરિકો ઘરની બહાર નીકળતા સમયે માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળતા હોય છે જેના કારણે તેઓ પોતે પોતાને તો જોખમમાં મૂકે છે પણ સાથે સાથે અન્ય નાગરિકો માટે સંકટ પેદા કરતા હોય છે. આવા માસ્ક પહેર્યા વગર નીકળતી વ્યકિતઓ ફરીથી માસ્ક પહેર્યા વગર બહાર ન નીકળે અને કોરોના સંક્રમણને નિયંત્રિત કરી શકાય તે હેતુથી તેમજ નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તે માટે લુણાવાડા મામલતદાર, પોલીસ સબ ઇનસ્પેકટર અને લુણાવાડા નગરપાલિકાએ સંયુકત કાર્યવાહી હાથ ધરીને શહેરમાં માસ્ક વગર ફરતી વ્યકિતઓ પાસેથી દંડાત્મક કાર્યવાહી કરી રૂા. ૧૧ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

વહીવટીતંત્રએ આ સંયુકત કાર્યવાહી કરીને અન્ય નાગરિકો માસ્ક પહેર્યા વગર ન નીકળે અને નીકળશે તો દંડાત્મક કાર્યવાહીથી બચી નહીં શકો તેવો સંદેશો પણ પાઠવ્યો હતો.

## નિવૃત્ત અધિક નિવાસી કલેક્ટર રમેશચંદ્ર પી. કટારાનું દુઃખદ અવસાન થતા ઘેરાશોકની લાગણી



લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં વર્ષ-૨૦૧૬-૧૭ માં ફરજમાં કાર્યરત હતા તેવા પુર્વ અધિક નિવાસી કલેક્ટર અને હાલમાં વય નિવૃત્ત થઇ નાની રેલ પુર્વ ગામ ખાતે પરીવાર સાથે નિવૃત્ત જીવન ગુજારતા રમેશચંદ્ર પી. કટારાનું ૨જી ઓક્ટોબરના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થવાથી ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી. વહીવટી તંત્રના અધિકારીઓ કર્મચારીઓ, સ્વજનો અને મિત્ર વર્તુળે શોકસંતપ્ત પરીવારને આકસ્મિક આવી પડેલી દુઃખની ઘડીમાં ઘેરી સંવેદના વ્યકત કરી છે. વર્તમાન કોવિડની ગાઇડલાઇનને અનુસરી ૦૯ મી ઓક્ટોબરના રોજ તેઓના વતન નાનીરેલ પુર્વ, તા. ફતેપુરા, જી.દાહોદ ખાતે ૧૧-૦૦ થી ૦૫-૦૦ ના સમયગાળા દરમ્યાન શ્રધ્ધાંજલી કાર્યક્રમ તેમના નિવાસ સ્થાને રાખવામાં આવ્યો છે. તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરતા તેમના ભાઇ નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક મહેશચંદ્ર કટારાએ એક યાદીમાં જણાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૭-૧૦-૨૦૨૦, બુધવાર, અધિક આસો વદ-૫
સૂર્યોદય-૬-૪૧, સૂર્યાસ્ત-૬-૨૭, જૈન નવકારશી-૭-૨૯,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૪૧ થી લાભ-અમૃત-૯-૩૮ સુધી, ૧૧-૦૬ થી શુભ-૧૨-૩૪ સુધી, ૧૧-૦૬થી શુભ-૧૨-૩૪ સુધી, ૧૫-૩૧થી ચલ-લાભ-૧૮-૨૭ સુધી, ૧૯-૫૯થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૪૧ થી ૮-૩૯ સુધી, ૯-૩૮થી ૧૦-૩૭ સુધી, ૧૨-૩૪ થી ૧૫-૩૧ સુધી, ૧૬-૩૦થી ૧૭-૨૯ સુધી |

# દેશમાં કુલ કેસ વધીને ૬૬.૮૫ લાખ, ૮૮૪ના મોત સાથે મૃત્યુઆંક ૧.૦૩ લાખ
# કોરોનાની રફતાર ધીમી પડી: ૨૪ કલાકમાં ૬૧ હજાર કેસ પોઝિટિવ નોંધાયા



ન્યુ દિલ્હી,
દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના નવા પોઝિટિવ કેસો તેમજ મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. મંગળવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ સવારના ૮ વાગ્યા સુધીમાં કોરોનાના વધુ ૬૧,૨૬૭ નવા દર્દીઓ નોંધાયા હતા તેમજ ૮૮૪ લોકોના કોરોના સંક્રમણથી મોત થયા હતા. દેશમાં ઘણા સમય બાદ એક દિવસમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૫,૦૦૦ કરતા ઓછી નોંધાઈ છે. બીજીતરફ કુલ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૫૬ લાખ કરડા વધુ રહેતા રિકવરી રેટ ૮૪.૭૦ ટકા થયો હતો.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૬૧,૨૬૭ નવા દર્દીઓ નોંધાતા કુલ કોરોના સંક્રમિત કેસોનો આંક ૬૬,૮૫,૦૮૨ પર પહોંચ્યો હતો. વધુ ૮૮૪ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૦૩,૫૬૯ થયો હતો. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓનો આંક ૫૬,૬૨,૪૯૦ પર પહોંચ્યો છે. કુલ સક્રિય પોઝિટિવ કેસો ૯,૧૯,૦૨૩ છે જે નોંધાયેલા કુલ કેસ લોડના ૧૩.૭૫ ટકા છે. ભારતમાં કોવિડ ૧૯છી મૃત્યુ દર ૧.૫૫ ટકા નોંધાયો છે.

આઈસીએમઆરના ડેટા મુજબ કોરોનાકાળમાં અત્યાર સુધીમાં ૮,૧૦,૭૧,૭૯૭ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ૫ ઓક્ટોબરના રોજ દેશમાં ૧૦,૮૯,૪૦૩ સેમ્પલની ચકાસણી કરવામાં આવી હતી. વિતેલા ૨૪ કલાકમાં ૮૮૪ લોકોના કોરોનાથી મોત થયા હતા જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૨૬૩ લોકોના મોત થયા છે.

દેશમાં કોરોનાથી કુલ ૧,૦૩,૫૬૯ મોત થયા છે. રાજ્યવાર મૃત્યુના આંકડા પર નજર કરીએ તો મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૩૮,૩૪૭ લોકોના મોત થયા છે. તમિલનાડુમાં ૯,૮૪૬, કર્ણાટકમાં ૯,૩૭૦, ઉત્તર પ્રદેશમાં ૬,૦૯૨, આંધ્ર પ્રદેશમાં ૬,૦૧૯, દિલ્હીમાં ૫,૫૪૨, પશ્ચિમ બંગાળમાં ૫,૨૫૫, પંજાબમાં ૩,૬૪૧ અને ગુજરાતમાં ૩,૫૦૯ લોકોના મોત થયા છે. આઈસીએમઆરના મતે કોરોનાથી થયેલા લોકોના મૃત્યુ પૈકી ૭૦ ટકા લોકો કોમોબ્રિડિટી ધરાવતા હતા અર્થાત તે લોકો અન્ય ગંભીર બીમારીથી પણ પીડાતા હતા.

હાલ દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૮૪.૭૦ ટકા રહ્યો છે. જ્યારે કોરોનાના એક્ટીવ કેસ ૧૩.૧૪ ટકા એટલે કે કુલ ૯,૧૯,૦૨૩ છે. જ્યારે મૃત્યુદર ૧.૫૪ ટકા ચાલી રહ્યો છે. હાલ કોરોનાનો પોઝિટિવિટી રેટ ૫.૬૨ ટકા છે.

## કાલોલ ગાંધી ફળીયામાં રહેતો યુવાન છુટાછેડા થયેલ પત્નીને પાછી લાવવા સમજાવા જતા પત્નીએ ભેગા કરેલ ટોળાએ મારમાર્યો

કાલોલ,
કાલોલ ગાંધી ફળીયામાં રહેતા ફરિયાદીના પત્ની સાથે ખોટી જીદના કારણે છુટાછેડા થયેલ હતા પરંતુ સંતાનમાં પુત્રી હોવાથી પોતાની પત્ની ના રાખવા માંગતા હતા. જેથી હાલોલ દુર્ગા કોમ્પલેક્સ પાસે જઈ પત્નીને સમજાવતા હતા. ત્યારે પત્નીએ બુમાબુમ કરતાં ફરિયાદી અને સસરાને મારમારતાં ઈજાઓ થવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ ગાંધી ફળીયામાં રહેતા તપનભાઈ રમેશભાઈ ધોબીના લગ્ન પત્ની અને સાસરીયા પક્ષના માણસોની ખોટી જીદની પત્ની સાથે છુટાછેડા થયેલ હતા. તેમ છતાં પતિ તપનભાઈ પોતાને સંતાનમાં દિકરી હોવાને લઈને પત્ની તરીકે રાખવા માંગતા હતા. જેને લઈ હાલોલ દુર્ગા કોમ્પલેકસ સામે રોડ ઉપર પત્નીને સમજાવા હાથ પકડેલ હતો. ત્યારે પૂર્વ પત્નીએ બુમાબુમ કરી કરી હતી ભેગા થયેલ માણસોને મહિલાએ ઉશ્કેરણી કરતાં લોકોના ટોળાએ તપનભાઈ અને તેમના સસરાને ગડદાપાટુનો મારમારી ઈજાઓ કરતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## દૈનિક રાશીફળ
**તા.૦૭.૧૦.૨૦૨૦ બુધવાર**

મેષ(અ.લ.ઈ.) :- વ્યવસાય ક્ષેત્રે નવી તક મલવાની છે. તમો ઈચ્છો છો તે પ્રમાણે સફળતા મેળવવા વધુ મહેનત કરવી પડે.
વૃષભ(બ.વ.ઉ.) :- મહત્વના પરિવર્તન શકય બને સ્વાસ્થ્ય બાબત સુધારા વાળો દિવસ રહે. નોકરીમાં પગાર વધારો શકય બને.
મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં નવી ઓફર આવે સાઈડમાં આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળે યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
કર્ક(ડ.હ.) :- પરિવારના સભ્યોના જરૂરીયાતોમાં વધારો થવાનો નવી યોજના સફળ થવાની રહેણાકના મકાનમાં સુધારા કરવાની ઈચ્છા ફળે.
સિંહ(મ.ટ.) :- આત્મવિશ્વાસ જાળવી રાખવો કર્જમાં પ્રશ્નોથી દુર રહેજો લગ્ન ઈચ્છુકોને મનગમતી ઓફર આવે પ્રવાસ થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- શેર સટ્ટામાં અગાઉ કરેલું રોકાણ ફળવાનું છે. નોકરીમાં ચીવટ રાખવી કર્મચારી વર્ગની સાથે સુમેળ રાખવો.
તુલા(ર.ત.) :- વડીલ વર્ગનો સહકાર સારો રહે. રાજકીય રીતે લાભ નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ રહે.
વૃશ્ચિક(ન.ય.) :- કારણ વગરનો તનાવ રહે. આત્મવિશ્વાસ કેળવવો. વિદેશથી ભાગ્યોદયની તક ઉભી થાય.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સામાજીક પ્રતિષ્ઠા વધવાની મોસાળથી લાભ સગાઈ લગ્નના કાર્યમાં અનુકુળતા કર્જમાં રાહત.
મકર(ખ.જ.) :- નોકરીમાં સફળતા નવી યોજના વડીલોનો સહકાર રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
કુંભ(ગ.શ.સ.) :- મિલ્કતના પ્રશ્નોમાં કોઈની સલાહ લેજો નવી ઓળખાણ થાય. આવકનું પ્રમાણ વધવાનું છે.
મીન(દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યમાં કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા સ્વાસ્થ્ય જાળવવું આવકનું પ્રમાણ વધવાનું નોકરીમાં લાભ રહે.

**(પાન નં.૧ નું ચાલુ)**

## અલવર ગેંગરેપ.......

જ્યારે મુકેશ કુમાર પર અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાનો આરોપી માનતા ચાર્જશીટ રજૂ કરી હતી.

પોલીસ તરફથી ત્રણ આરોપીઓ છોટેલાલ, ઈન્દ્રાજ અને અશોકની વિરુદ્ધ ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૪૧, 354, 376d, ૫૦૬, ૩૪૨, ૩૮૬, ૩૮૪, ૩૯૫,૩૨૭,૩૬૫ IPCની સાથે જ એસસી-એસટી એક્ટની વિભિન્ન કલમો ઉપરાંત આઈટી એક્ટ ૬૭, ૬૭છની તમામ કલમોમાં આરોપીઓને દોષી પ્રમાણિત માનતા ચાર્જશીટ દાખલ કરી હતી. હંસરાજની વિરુદ્ધ તેના ત્રણેય સાથીઓની સાથે લગાવવામાં આવેલી કલમો ઉપરાંત ૩૭૬ (૨)Nની વધારાની કલમમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. પાંચમા આરોપી મુકેશની વિરુદ્ધ આઈટી એક્ટ ૬૭, ૬૭A ૪/૬ મહિલાઓના અશિષ્ટ રૂપણ પ્રતિષેધ અધિનિયમમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

# દાહોદ જીલ્લાના બેન્ડબાજા વગાડવાનો ધંધો કરતાં ધંધાદારીઓએ વગાડવા માટેની માંગ સાથે આવેદન આપ્યું

દાહોદ,

દાહોદ શહેર તથા જિલ્લાના બેન્ડબાજા વગાડવાનો ધંધો કરતાં લોકો દ્વારા કોરોના કાળ દરમ્યાન છેલ્લા કેટલાક મહિનાઓથી પોતાનો બેન્ડવાજા વગાડવાનો ધંધો બંધ હોવાથી આર્થિક સ્થિત કફોડી બનવા પામી છે. આવા સમયે દાહોદ જિલ્લાના બેન્ડવાજાવાળાઓ દ્વારા દાહોદ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપી લગ્ન પ્રસંગ કે ધાર્મિક પ્રસંગો સહિત બીજા પ્રસંગોમાં બેન્ડવાજા વગાડવાની પરમીશન માંગી છે.

કોરોના વૈશ્વિક મહામારી દરમ્યાન ત્રણથી વધુ મહિનાઓ દરમ્યાન સખ્ત લોકડાઉનનો દેશવાસીઓને અમલ કરવો પડ્યો હતો. આ સમયગાળા દરમ્યાન ગરીબ તેમજ મદય વર્ગીય પરિવારની હાલત અત્યંત કફોડી બની ગઈ હતી અને તેમાંય નાના રોજગાર ધંધા ચલાવતા તેમજ લઘુ ઉદ્યોગતો સાવ ભાંગી પડ્યો હતો. લોકડાઉન બાદ સરકાર દ્વારા અનલોકની પદ્ધતિ અપનાવી વાણિજ્ય અને ધંધા ફરી ધમધમતા થાય તે માટે છુટછાટો પણ આપવામાં આવી રહી છે. ત્યારે લગ્ન પ્રસંગ, ધાર્મિક પ્રસંગો કે બીજા કોઈ પ્રસંગો હોય તેવા સમયે બેન્ડવાજાનો લોકો ફરજીયાત ઉપયોગ કરતાં હોય છે અને આવા નાના મોટા બેન્ડવાજાવાળાઓ પોતાની આજીવીકા મેળવવા રાત દિવસ એક કરી ધંધો કરતા હોય છે, પરંતુ લોકડાઉનના કપરા કાળમાં બેન્ડવાજાના વ્યવસાય કરતાં લોકોને પણ અસર પડતાં હાલ લગ્ન પ્રસંગો વિગેરેમાં બેન્ડવાજા વગાડવાની તંત્ર પરમીશન આપતુ ન હોવાના કારણે દાહોદ શહેર સહિત જિલ્લાના બેન્ડવાળાનો વ્યવસાય કરતાં લોકોની હાલત અત્યંત કફોડી રહેવા પામી છે. આવા સમયે પોતાના રોજગાર ધંધો રાબેતા મુજબ ફરી ધમધમતો થાય અને પોતે રોજી રોટી કમાય તેવા શુભઆશય સાથે આજરોજ દાહોદ શહેર સહિત જિલ્લાના બેન્ડવાજાવાળાઓ દ્વારા નાયબ કલેક્ટર તેમજ દાહોદ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપી જણાવ્યું હતુ કે, લગ્ન પ્રસંગે તથા ધાર્મિક કાર્યક્રમમાં બેન્ડવાજા વગાડવાનો ધંધો કરતા હોઈ છેલ્લા કેટલાક મહિનાઓથી કોરોના કાળમાં છ માસથી બેન્ડવાજાનો ધંધો બંધ છે. આ ધંધા સિવાય અન્ય કોઈ ધંધો આ લોકો પાસે નથી. રોજી રોટી મળી રહે અને આર્થિક પરિસ્થિતી હાલ ખુબ જ ખરાબ હોવાથી સરકારની ગાઈડ લાઈન પ્રમાણે અને નિયમોને આધિન ફરી બેન્ડવાજા વગાડવાની પરવાનગી માંગી હતી.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૫ કોરોના પોઝીટીવ દર્દીના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૬૩૫ ને પાર થવા પામ્યો છે અને એક્ટીવ કેસની સંખ્યા ૭૧ ઉપર પહોંચી છે.

દાહોદમાં આજે આરટીપીસીઆરના ૨૩૩ પૈકી ૨ અને રેપીટ ટેસ્ટના ૫૧૧ પૈકી ૩ એમ કુલ મળી આજે ૦૫ કોરોના પોઝીટીવ દર્દીનો સમાવેશ થયો હતો. આ પાંચ પૈકી દાહોદમાંથી ૩ અને ઝાલોદમાં થી ૨ દર્દીઓનો સમાવેશ થાય છે આ સાથે કુલ આંકડો ૧૬૩૫ ને પાર થયો છે. આજે વધુ ૧૦ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાતા એક્ટીવ કેસની સંખ્યા ૭૧ રહેવા પામી છે ત્યારે બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી ૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આમ, દાહોદ જિલ્લામાં કોરોનાનો આંકડો ઉતાર ચઢાવ સાથે આગળ વધી રહ્યો છે.

# દાહોદના નાગરિકો ગાફેલ ના રહે, કોરોનાથી બચવા માસ્ક જરૂર પહેરે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં આરોગ્ય તંત્રના સઘન પ્રયાસોના પરિણામે કોરોનાનો પ્રભાવ કાબૂમાં આવી રહ્યો હોવાનું ચિત્ર બની રહ્યું છે, આમ છતાં નાગરિકોએ હજું પણ સાવચેત રહેવાની જરૂર છે. આવી જ વાત દાહોદના સચિન દેસાઈ કરે છે. તેઓ કોરોના વાયરસથી સંક્રમિત થઈ સાજા થઈ ગયા છે.

અહીં પત્રકારત્વના વ્યવસાય સાથે જોડાયેલા સચિન દેસાઈને ગત્ત તા. ૮ જુલાઈના રોજ કોરોના વાયરસનું સંક્રમણ લાગ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું. તેઓ પ્રારંભિક તબક્કે દાહોદની જનરલ હોસ્પિટલમાં સારવાર લઈ હોમ આઈસોલેટ થયા હતા અને તે દરમિયાન આરોગ્ય વિભાગના માર્ગદર્શન અનુસાર મેડિકેશન લેવાથી કોરોનાને મ્હાત આપી શક્યા હતા અને પોતાના પરિવારને પણ આ વાયરસથી બચાવી શક્યા હતા.

તે કહે છે, દાહોદના નાગરિકોને કરબદ્ધ વિનંતી છેકે, તેઓ કોરોનાથી ગભરાઈ નહીં. કોરોના વાયરસ સામે સાવચેતી એ જ સલામતી છે. કોરોના વાયરસને લગતા લક્ષણો જેવા કે, તાવ, ખાંસી કે શરદી, નબળાઈ, સ્વાદ ન આવવો જેવું લાગે તો તુરંત ઝાયડ્સ હોસ્પિટલ કે નજીકના સરકારી દવાખાને તપાસ કરાવી લેવી જોઈએ. જેથી, કોરોના વાયરસને લગતી સારવાર પ્રારંભિક તબક્કે જ શરૂ કરી શકાય. હાલના સંજોગોને જોતા ટેસ્ટ ઈસ બેસ્ટ જ યોગ્ય છે. કોરોના વાયરસ સામે શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવી ખૂબ જ જરૂરી છે. એ માટે આયુર્વેદિક ઉકાળા, કાઢા, ગળો (ગિલોય)નું સેવન ખૂબ જ મદદરૂપ બને છે. તે સાથે કોરોનાની સ્થિતિમાં ગરમ પાણી પીવાથી ફાયદો થાય છે.

દાહોદના નાગરિકોએ ગાફેલ રહેવાની જરૂર નથી. મારી લોકોને આગ્રહપૂર્વની વિનંતી છે કે, ભીડવાળી જગ્યાએ ટાળો, માસ્ક એ તમારી કોરોનાની સામેથી ઢાલ છે. એ પહેરવાનું ચૂકો નહી. હાથ ધોવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરો તો કોરોનાથી બચી શકો છે. આમ તેમણે અંતે જણાવ્યું હતું.

# દાહોદના ખરોદા ગામે બાઈક ઉપર લઈ જવાતો ૮૬ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામે એક મોટરસાઈકલનો ચાલક વિદેશી દારૂની હેરાફેરી કરતો હોય પોલીસે તેનો પીછો કરતાં મોટરસાઈકલ સાથે વિદેશી દારૂનો જથ્થો મળી પોલીસે કુલ રૂા.૧,૧૬,૯૫૫ ના મુદ્દામાલ સાથે મોટરસાઈકલ ચાલકની અટક કર્યાનું જાણવા મળે છે.

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ખાતે સીંગલ ફળિયામાં રહેતો સુનિલભાઈ અમરસીંગભાઈ સાંસી ગત તા.૦૫ ઓક્ટોબરના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ પર મિલના થેલામાં વિદેશી દારૂનો જથ્થો ભરી હેરાફેરી કરતો હતો. આ દરમ્યાન દાહોદ તાલુકા પોલીસ મળેલ બાતમીના આધારે ખરોદા ગામે વોચ ગોઠવી ઉભા હતા તે સમયે આ મોટરસાઈકલનો ચાલક ત્યાંથી પસાર થતાં પોલીસે તેનો પીછો કર્યો હતો અને થોડે દુર જઈ પોલીસે ઉપરોક્ત મોટરસાઈકલના ચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસે વિમલના થેલામાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૪૫૨ કિંમત રૂા.૮૬,૯૫૫ તેમજ મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂા.૧,૧૬,૯૫૫નો મુદ્દામાલ સાથે સુનિલભાઈ અમરસીંગભાઈ સાંસીની અટક કરી તેની વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના સ્વામી વિવેકાનંદ ચોક ખાતે રાણા પૂંજા ભીલની ૪૯૯મી જન્મ જયંતિની ઉજવણી કરી

દાહોદ,

દાહોદ શહેર સ્વામી વિવેકાનંદ ચોક મા દર વર્ષની જેમ આ વખતે પણ ૪૯૯-મી રાણા પૂંજા ભીલ ની જન્મજયંતી તેમના શૌર્ય, વફાદારી, જવાબદારી પૂર્ણ વ્યક્તિત્વને યાદ કરી ને ઉજવણી કરવામાં આવી હતી. કોવીડ-૧૯ મહામારી ના સમયમાં સરકાર ની ગાઈડલાઈન પ્રમાણે દરેક નિયમોનું પાલન કરીને ઉજવણી ને સફળ બનાવ્યો. ઉજવણી નો મુખ્ય સંદેશ એ હતો કે યુવા ધન તેમની શૂરવીરતા, વફાદારીપણાને અનુસરે તે આદિવાસીત્વ ની મૂળ લાક્ષણિક્તા કાયમ રહે તે માટેનો એક પ્રયાસ છે તેમજ રાજાશાહી દરમ્યાનનું અતિ પ્રચલિત હલદી ઘાંટી ના યુધ્ધ મા મહારાણા પ્રતાપ અને અકબર વચ્ચે ની ભીષણ લડાઈ મા મહારાણા પ્રતાપ ની ઢાલ બનીને હરીફને હરાવવામાં તેમનો જે દેશ પ્રત્યે નો પ્રેમ આજે પણ યુવાનોને પ્રેરણા આપી રહ્યો છે.

આદિવાસી પરિવારના દાહોદ શહેર તેમજ નજીકના વિસ્તારમાં વસવાટ કરતાં ભાઈઓ અને બહેનો દાહોદ શહેરના હાર્દ સમા સ્થળે હાજર રહીને ઉજવણી કરી હતી. આ કાર્યક્રમની સાથે સાથે તેને સમાંતર દાહોદ જિલ્લાના વિવિધ સ્થળોએ ઝાલોદ અને ધાનપુર ના મુખ્ય મથકે પણ ઉજવણી કરવામાં આવી હતી

# દે.બારીઆ નગરપાલિકાની સામાન્ય સભામાં હલ્લાબોલ : વિદ્રોહ જારી

દે.બારીઆ,

દે.બારીઆ નગરપાલિકાના બીજી ટર્મ માટે પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી ટાઈ થઈ હતી. જેમાં ૨૪ સભ્યોની બોડી માંથી પ્રમુખ તથા ઉપપ્રમુખ ચુંટવાના હતા. તેમાં ભારે રસાકસી થઈ હતી. ૧૨ અને ૧૨ = ૨૪ વોટ મળતા ટાઈ યથાવત રહી હતી. જેમાં ફરી ચુંટણી અધિકારીએ ચિઠ્ઠીનો ઉપયોગ કરતા વિરોધ કરનારોના પ્રમુખની ચીઠ્ઠી નિકળી ન હતી અને મંત્રીના સમર્થનના જૂથનો પ્રમુખ બવના પામ્યો હતો. જેમાં બન્ને જૂથમાં હોર્સ ટ્રેડીંગ થઈ હતી તેવું લોકમુખે ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. પરંતુ સત્તા હાંસલ કરી પણ ચલાવવી મુશ્કેલ થાય છે.

પ્રાપ્ત મળતી વિગતો અનુસાર દે.બારીઆ શહેરના વિકાસના કામોના એજન્ડામાં ૧૨ કાર્યોની સુચી હતી. જેમાં અગાઉ અઢી વર્ષના પિરીયડમાં જે શહેરમા ના રોડ બની ગયા હતા. તેને ફરી બનાવવાનું એજન્ડામાં પ્રસ્તાવ આવતાં મામલો બીચકયો હતો. વિરોધીઓ આ એજન્ડામાં હલ્લો મચાવ્યો અને જે રોડ બને ત્રણ વર્ષ પણ થયા નથી. ફરી તે રોડ શામાટે બનાવવાનું હોય જેને ત્રણ વર્ષ થયાના હોઈ તેવા રોડ બની શકે ખરા ? તે યક્ષ પ્રશ્ન છે. જે કાર્યો કરવાના બાકી છે તે કાર્યો કેમ થતા નથી. તેવા સવાલો ઉપસ્થિત થયા હતા. જેથી તા.૫/૧૦/૨૦ના રોજ કોમ્યુનિટી હોલ ખાતે પ્રથમ મીટીંગ કોઈપણ એજન્ડાનું કાર્ય મંજુર થવા પામ્યું નથી. દેવગઢ બારીઆ શહેરના વિકાસ ક્યારે થશે. તેવું નગરજનો પૂછી રહ્યા છે.

પ્રમુખ તથા ઉપપ્રમુખની ચુંટણીમાં વોર્ડ નં.૬ના ઉમેદવારે જે રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના છે. તેમ છતાં મંત્રીના જૂથતના પ્રમુખને પોતાનો વોટ આપતા બાજી ટાઈ પડીહતી. તે પોતાના વોર્ડ તેમજ અન્ય વોર્ડમાં ના જનતા ના કાર્યો કરતા હોય છે. જે ઝેડ.એમ. મકરાણી (મુન્નાભાઈ) તરીકે ઓળખાય છે. તેમણે સામાન્ય સભામાં ઊભા થઈને એજન્ડાના કાર્યસૂચિમાં જનતાના પ્રાથિમક કાર્યો કરવાનો કોઈ ઉલ્લેખ નથી. જેવાં કે પીવાનું પાણી ૭૦ ટકા વિસ્તારમાં કાદવવાળું પાણી દુષીત પાણી મળે છે. તેનું છેલ્લા અઢી વર્ષના ગાળામાં કોઈ જ ઉપાય થયો નથી. તેમજ પીવાના પાણી ફિલ્ટર પ્લાન્ટ ક્યારે ચાલુ કરાશે. તેનો કોઈ જ સભ્યને પડી નથી. પ્રદુષિત પાણીના કારણે બિમારીઓ થાય છે. તેના ઉપર કોઈ અવાજ ઉઠાવતા નથી. વોટર્સ વર્કના લાખોના બીલો બને છે. તેમ છતાં પ્રદુષિત પાણી મળે તે કોઈ જવાબદાર થશે નાણાં ક્યાંથી મળે છે. તેવા કાર્યો ઉપર ભાર મૂકાય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. અને જે પ્રમુખ બનવા માટે દોઢ કરોડનું જુગાર ખેલાયું છે. તે માટે આ બીજા ટર્મની ચુંટણીમાં શાસક પક્ષમાં બે જુથમાં વહેંચાઈ ગયું છે. તે શહેરમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

# દે.બારીઆ નગરપાલિકા પ્રમુખના પતિ દ્વારા નાણાંની લેતી-દેતીમાં એક વ્યકિતને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દેવગઢ બારીઆ નગરનો ચકચાર બનાવ સામે આવ્યો છે. જેમાં દેવગઢ બારીઆ નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન નાથાણીના પતિ મિતેશભાઈ દ્વારા નાણાંની લેતી દેતી મામલે એક વ્યક્તિને લાપટો ઝાપટો મારી જાતી અપમાનિત શબ્દો બોલી ભારે ધિંગાણું મચાવતા આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસ મથકે પાલિકા પ્રમુખના પતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા સમગ્ર દાહોદ જિલ્લાના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દેવગઢ બારીઆ કાપડી વિસ્તારમાં ભીલ ફળિયામાં રહેતા મોહનભાઈ રામાભાઈ વણકરે દેવગઢ બારીઆ પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આજરોજ તારીખ ૦૫.૧૦.૨૦૨૦ના રોજ દેવગઢ બારીઆના નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન મિતેશભાઈ નાથાણીના પતિ મિતેશભાઈ પાસે મોહનભાઈ મજુરીના બાકી નીકળતા પૈસા લેવા માટે ગયો હતો અને હિસાબ કરવાની વાત કરી હતી. આ દરમ્યાન મિતેશભાઈએ મોહનભાઈને કહેલ કે, તું મારી જોડે પૈસા લેવા આવતો નહીં અને તું પરેશભાઈ પાસે પૈસા લેવા જજે, કહેતા મોહનભાઈએ મિતેશભાઈને કહેલ કે, હું પરેશભાઈને ઓળખતો નથી, હું તમોને ઓળખું અને મારે તો તમારી પાસે મારા મજુરીના બાકી નીકળતા પૈસા લેવાના છે, તેમ કહેતા મિતેશભાઈએ મોહનભાઈને બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ મોહનભાઈને લાપટો ઝાપટો મારી, હું બારીઆનો રાજા છું, તને એક મીનીટમાં અંદર કરી દઈશ, તું મને ઓળખતો નથી, તેમ કહી જાતિ અપમાનિત અપશબ્દો બોલી મોહનભાઈને મારી નાંખવાની ધમકી આપતા આ સંબંધે મોહનભાઈ રામાભાઈ વણકરે દેવગઢ બારીઆ નગરપાલિકાના મહિલા પ્રમુખ દક્ષાબેનના પતિ મિતેશભાઈ જયંતિભાઈ નાથાણી વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઉપરોક્ત બનાવના સમાચાર વાયુવેગે દાહોદ જિલ્લામાં ફેલાતા રાજકીય આલમમાં સહિત દાહોદ જિલ્લાના પ્રજાજનોમાં ખળભળાટ સાથે આશ્ચર્ય ફેલાવા પામ્યું છે.

# દાહોદ રેલ્વે પરેલ કારખાનાના કર્મચારીને પત્ની સાથેના આડા સંબંધમાં હત્યા કરાઈ

દાહોદ,

દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં રેલ્વે કારખાનામાં ગતરોજ રેલ્વે કર્મચારીએજ પોતાના સાથે કર્મચારી મીત્રને ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યાના બનાવમાં ફરિયાદ નોંધાતા ફરિયાદમાં પત્નિ સાથેના આડા સંબંધના વહેમમાં આ ખુની ખેલ ખેલાયો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ થવા પામ્યો છે.

ગઈકાલની બનેલ ઘટનાને પગલે સમગ્ર દાહોદ રેલ્વે તંત્ર સહિત જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. મુળ વજેલાવ, ડાંગી ફળિયા, તા.ગરબાડા,જિ.દાહોદ અને હાલ ગોધરા રોડ,પ્રેમનગરમાં રહેતો અને દાહોદ રેલ્વે કારખાનામાં નોકરી કરતો પપ્પુભાઈ રમણભાઈ ડાંગીએ કારખાનામાં નોકરી કરતો અને પોતાનાજ સાથી મીત્ર એવા સરબજીત રામનાથ યાદવ (ઉ.વ.૫૯,રહે.પરેલ,ત્રણ રસ્તા, દાહોદ) ની ઉપર પોતાની પત્નિ સાથે આડો સંબંધ રાખતો હોવાના ખોટા શક, વહેમ રાખી પપ્પુભાઈએ સરબજીત સાથે ઉગ્ર બોચાલાલી કરી આવેશમાં આવી જઈ પોતાની સાથે લાવેલ ચપ્પુના ઘા સરબજીતને પેટના ભાગે, ગાલ ઉપર તથા હાથ વિગેરે શરીરે ઉપરા છાપરી ચપ્પુના ઘા મારી દાહોદ રેલ્વે કારખાનામાં જ મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર રેલ્વે કારખાનામાં સન્નાટો ફેલાઈ ગયો હતો. ઘટના સ્થળે દોડી આવેલ પોલીસે ગંભીર ઈજાગ્રસ્ત સરબજીતને નજીકના રેલ્વે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ સરબજીતે દમ તોડી નાંખ્યો હતો. આ સંબંધે દાહોદ શહેર પોલીસે પપ્પુભાઈ રમણભાઈ ડાંગીની ધરપકડ કરી હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા ગામે વડલા વાળા કુવામાં એક વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો

દાહોદ,

ફતેપુરા નગરમાં તળાવ ફળિયામાં આવેલ વડલા વાળા કૂવામાંને એક વ્યક્તિ મરણ પામેલ અવસ્થામાં મળી આવતા ચકચાર, ફતેપુરા પોલીસે અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમા અર્બન બેંકની ગલીમાં રહેતા મુકેશકુમાર રામચંદ્ર દરજી ઉંમર વર્ષ આશરે ૩૫ તળાવ ફળિયામાં આવેલ વડલા વાળા કૂવામાં કોઈ અગમ્ય કારણોસર કુવામાં પડી પાણી પી જતા મરણ થયેલ હતું જેઓનું મૃતદેહ ફતેપુરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં હાજર ડોક્ટર રીતેશભાઈ રાઠવા પોસ્ટમોર્ટમ કરવા માટેની કાર્યવાહી હાથ ધરેલ હતી.જાહેરાત આપનાર અશ્વિનકુમાર તોરાચંદ દરજી ફતેપુરા પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપતા ફતેપુરા પોલીસ એડી દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.અહીંયા તે જાણવું જરૂરી છે કે, આ વડલા વાળુ પાણીનો કુવો વર્ષો જૂનો પાણીનો કૂવો છે. જેનો આજે પણ લોકો પાણી પીવા તેમજ વાપરવા માટે ઉપયોગ કરે છે. સરપંચ દ્વારા તાત્કાલિક આ પાણીના કૂવાને કુવામાથી પાણી ખાલી કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સંજેલીમાં દુર કરાયેલ દબાણ પુનઃ શરૂ કરાતા દબાણોને કાયમી ધોરણે હટાવવા કલેકટરને રજુઆત

સંજેલી,

સંજેલી તાલુકામાં તાજેતરમાં દુર કરાયેલા ચારસો ઉપરાંત દબાણો પર બુલડોઝર ફેરવી દીધા બાદ ભુમાફિયાઓ પુનઃ દબાણો કરવા માંડતા અસામાજિક તત્વોને નાથવા દબાણ નસ્તનાબુદ કરવાની માંગ સાથે કલેકટરને કરાયેલી રજુઆતમાં જો તેમ નહિ થાય તો આત્મવિલોપન કરવાની ચિમકી અપાઈ છે.

જિલ્લા કલેકટરે લેખિત રજુઆત થતાં તત્કાળ તમામ અમલદારે સંજેલીમાંથી દબાણ હટાવવા અને ભુમાફિયાઓ સામે સખત કાર્યવાહી કરવા આદેશ કર્યો છે.

સંજેલી ગામના એક નાગરિકે જિલ્લા કલેકટરને કરેલી રજુઆત મુજબ સંજેલીના ભુમાફિયાઓ સામે કાર્યવાહી કરવામાં નહિ આવે તો તે અને તેનો પરિવાર સાથે આત્મવિલોપન કરશે. વધુમાં જણાવ્યુ છે કે, હાલ સંજેલીમાં સિટી સર્વે નં-૯૦ તેમજ પાણીની ટાંકી તેમજ સંતરામપુર રોડ પર તથા શાકમાર્કેટ પાસે કેટલાંક લોકોએ દબાણો કરી પોતાની ધાક જમાવી ગુનાહિત ભુતકાળ ધરાવતા આ લોકોએ પોતાની મનમાની કરીને સરકારી જગ્યા પચાવી પાડી મોટી રકમના ભાડા વસુલ કરવાનો વેપલો માંડ્યો છે. આ લોકોને ઝડપી લેવામાં નહિ આવે તો યુપી-બિહાર જેવી દશા સંજેલી ખાતે પણ ઉભી થશે તેમા નામજોગ કરાયેલ રજુઆત મુજબ પરમાર પ્રતાપસિંહ રામસિંહ, પરમાર ચંદ્રસિંહ રામસિંહ, પરમાર સાલમસિંહ રામસિંહ, અને ધોકા ધર્મેન્દ્ર કનકમલ (રહે.તમામ સંજેલી)વગેરે કેબિનો તેમજ જગ્યા રોકીને મોટા ભાડાઓ ખાઈ રહ્યા છે. અને લોકોમાં ધાક જમાવ્યુ છે. ભાજપના એક કાર્યકર દારૂનો ભાગીદારીમાં ધંધો કરે છે તેવી રજુઆત જિલ્લા કલેકટરને થતાં જ સમગ્ર સરકારી તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

એક તરફ સંજેલી ખાતે બસ સ્ટેશન વિસ્તાર શાકમાર્કેટ મેન બજાર માંડલી રોડ જેવા વિસ્તારમાં દબાણકર્તાઓને સંજેલી પંચાયત તરફથી આપવામાં આવેલી નોટિસોમાં પણ દબાણ દુર કરવા બાબતે મનસ્વી વહીવટ થતો હોય તેવુ સ્પષ્ટ જણાય છે. કેટલાંક લોકોને ત્રણ દિવસ, પાંચ દિવસ, સાત દિવસની મુદ્દત આપવામાં આવતા આવો ભેદભાવ કેમ તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે. દાહોદ કલેકટર કચેરી, દાહોદ જિલ્લા પોલીસવડા, એસ.ડી.એમ. ઝાલોદ, તથા સંજેલી મામલતદારને તાલુકા વિકાસ અધિકારી, તલાટી તેમજ સંજેલી પી.સી.અને સંજેલીમાંથી દબાણો કરવા તેમજ ભુમાફિયાઓ સામે કાર્યવાહી કરવા માટે લેખિત આદેશ આપ્યો છે. સંજેલી નગરમાં આ બાબતની ચર્ચાએ ભારે જોર પકડ્યુ છે. સંજેલી નગરમાં મામલતદાર કચેરીના લેટરપેડવાળી ઝેરોક્ષ નકલો પણ બજારોમાં ફરતી થઈ જતા ભારે ખળભળાટ મચી ગયો છે. હાલમાં જ નવા કેબિનો મુકનાર દુકાનદારોમાં ગભરાટ ફેલાયો છે.

# દાહોદના છાપરી ગામે ઉછીના નાણાં મામલે બે ઈસમોએ મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના છાપરી ગામે ઉછીના નાણાં મામલે થયેલ ઝઘડામાં બે જેટલા ઈસમોએ એકને લાકડી વડે તથા ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

છાપરી ગામે સરપંચ ફળિયામાં રહેતા સંજયભાઈ મનુભાઈ કિશોરી તથા મહેશભાઈ લાલુભાઈ કિશોરીએ ગત તા.૦૪ ઓક્ટોબરના રોજ પોતાનાજ ફળિયામાં રહેતા સુનિલભાઈ પાસે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમોએ ઉછીના રૂપીયા લીધેલા તે કેમ પાછા આપતા નથી, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ લાક્ડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી સુનિલભાઈને શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કોરોનાના સંક્રમણથી બચવા માટે નાગરિકો દ્વારા વાલ્વ કે ફિલ્ટરવાળા માસ્કનો થતો ઉપયોગ હિતાવહ નથી

ગોધરા,

કોરોના સંક્રમણથી બચવા માટે હાલ કોઈ રસી ઉપલબ્ધ નથી. ત્યારે માસ્ક એ જ સૌથી સરળ ઉપલબ્ધ વિકલ્પ છે. રાજયમાં નાગરિકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ પ્રકારના માસ્ક પૈકી ફિલ્ટર કે વાલ્વવાળા માસ્કનો પણ ઉપયોગ કરવામાં આવે છે. જે કોરોનાગ્રસ્ત વ્યકિત પહેરે તો વિષાણુંઓ પ્રસાર સામે પુરતું રક્ષણ આપતા નથી તેથી આવા માસ્ક પહેરવા હિતાવહ નથી એમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયુ છે.

યાદીમા વધુમાં જણાવ્યાનુસાર ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા પણ આ પ્રકારના માસ્કનો ઉપયોગ ન કરવા માર્ગદર્શિકા આપવામાં આવેલ છે. આથી રાજયના તમામ નાગરિકો વાલ્વ કે ફિલ્ટરવાળા માસ્કનો ઉપયોગ ન કરે તે તેમના આરોગ્યના હિતમાં છે.

કોરોનાથી બચવા માટે નાગરિકો જ્યારે પણ બહાર નીકળે ત્યારે અવશ્ય માસ્ક પહેરે, બહારથી આવીને સાબુથી હાથ ધુવે, સેનીટાઈઝરનો પણ ઉપયોગ કરે તો ચોકકસ તેઓ પોતે અને તેમના પરિવારને સંક્રમણથી બચાવી શકશે. વાલ્વ કે ફિલ્ટરવાળા માસ્કનો ઉપયોગ ન કરવા માટે લોક જાગૃતિ ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે નાગરિકોને પણ યોગ્ય તકેદારી રાખીને આવા માસ્કનો ઉપયોગ ન કરવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પંમહાલ, મહિસાગર અને દાહોદની જનતાને અપીલ કરવામાં આવી છે.

**જિલ્લાના નાગરિકોને વાલ્વ કે ફિલ્ટરવાળા માસ્કનો ઉપયોગ ન કરવા અપીલ**

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 40

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## લોકપ્રશ્ન સાંભળ્યા વિના કે અરજદારને જાણ કર્યા વિના

# ગોધરા પહોંચેલા પ્રાદેશિક નગર પાલિકા કમિશ્નર બારોબાર વડોદરા જતા રહેતા હોબાળો

- પંચમહાલ-દાહોદ-મહિસાગર જીલ્લાની વિવિધ નગરપાલિકાનું સંચાલન તથા દેખરેખ રાખે છે.
- ત્રણ જીલ્લાના અસંખ્ય અરજદારોના વિવિધ પ્રશ્નો સ્થાનિક પાલિકામાં ન થતા ઉચ્ચસ્તરે રજૂઆત થાય છે.
- પ્રા.ન.ક.વડોદરા કચેરીમાં મહિનાઓથી અઢળક પ્રશ્નો વણઉકેલાયેલાથી નારાજગી.
- વડોદરા સમય અને નાણાં ખર્ચીને પહોંચવા છતા અરજદારો ખાલી હાથે પરત ફરે છે.
- પ્રશ્નો અંગે સ્થળ મુલાકાત અરજદારોને સાંભળવા કે રજુઆતોના નિકાલ બાબતે નિષ્ફળ નીવડેલા પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર.



ગોધરા,

ગોધરામાં પહોંચેલા નગરપાલિકા કમિશ્નરે બંધ બારણે મીટીંગ યોજીને લોકોને જાણ કર્યા વિના વડોદરા રવાના થઈ જતા હોબાળો મચી ગયો હતો. કયારેય આ જવાબદાર અધિકારી લોકપ્રશ્નોના નિકાલ બાબતે ગંભીર નથી કે ગોધરાની મુલાકાતે આવતા નથી કે અરજદારોની રજુઆતો સાંભળતા ન હોવાનો અરજદારોએ આક્રોશ સહ બળાપો વ્યકત કર્યો હતો.

પંચમહાલ-દાહોદ-મહિસાગર જીલ્લામાં આવેલી ગોધરા-દાહોદ-લુણાવાડા-હાલોલ-કાલોલ-શહેરા-સંતરામપુર-ઝાલોદ-દેવગઢ બારીઆ-બાલાસીનોર સહિતની નગરપાલિકા શહેરી વિસ્તારમાં આવેલ હોવાથી પાણી, રસ્તા, લાઈટ, બાંધકામ સહિતની પાયાની સુવિધાઓ પૂરી પાડવાની હોય છે. પરંતુ મુખ્ય અધિકારીએ કે પદાધિકારીઓ દ્વારા સમયસર સુવિધા પૂરી પાડવામાં ન આવતી હોવાને લઈને લોકોના કામો ટલ્લે ચઢતા સત્તાધીશો સામે અવારનવાર નારાજી રહે છે. સ્થાનિક પાલિકામાં વારંવાર રજુઆત કરવા છતાં તેઓના પ્રશ્ન યથાવત રહેવાને લઈને વિવાદ સર્જાયેલ રહે છે. આથી ત્રણ વર્ષ પૂર્વે જ સરકારે શુભ આશય રાખીને લોકોને પોતાના શહેરી વિભાગન પ્રશ્નોના નિકાલ માટે ગાંધીનગર સુધી નિરર્થક દોડધામ ન કરવી પડે અને નજીકના વિસ્તારમાં મુખ્ય અધિકારીની ઉપર એક નગરપાલિકા કમિશ્નરની કચેરી કાર્યરત કરાઈ હતી. જે પૈકી ગુડા તરીકે ઓળખાતી આ કચેરી ગોધરા સેવા સદનમાં ઊભી કરાઈ હતી.

શરૂઆતમાં પ્રજા માટે પ્રશ્નો ઉકેલાઈ જવાથી એક તબક્કે રાહત સાંપડી હતી. બાદમાં ગણતરીનાના માસમાં કોણ જાણે કેમ આ ગોધરા કચેરી બંધ કરાઈને વડોદરા ખસેડાઈ ગઈ હતી. આ પાછળ એવું કહેવાય છે કે અહીં બેસતા કર્મચારી સ્ટાફની કામગીરી શંકા ઉપજાવે તેવી હતી. લોકો પ્રશ્ને ઉકેલવામાં ઉદાસીનતા રહેતા હોવાથી વહીવટી સામે નારાજગી હતી.

જે તે સમયે ગોધરા પાલિકાના જ મુખ્ય અધિકારીઓ કે જેઓ કેટલાક મહિનાઓ સુધી ગોધરા-હાલોલ-કાલોલ નગરપાલિકાના ચાર્જમાં હોવાની સાથે વધારાનો ચાર્જ ગુડા ક્ચેરીમાં સ્વીકાર્યો હતો. દરમ્યાન આવેલી પાલિકાની ફરિયાદો પોતે નિવેડો ન લેવાયલ તેવા પ્રશ્નોના નિર્ણય પોતે કરવાની સ્થિતી હોવાથી વહીવટ પણ બોગસ રહ્યો હતો. જેમાં ઘરના ભૂવા ઘરના જાગરીયા જેવો ઘાટ સર્જાયો હતો. બાદમાં ગણતરીના સમયમાં શરૂ કરાયેલ વડોદરા કચેરી ખસેડાયા પછી રોજીંદી ગોધરાની ગુડા કચેરી જેવી પળોજળ પ્રજાનો સતાવતી રહી હતી. લોકોએ મહિનાઓ-દિવસોથી સ્થાનિક નગરપાલિકા સામેની નારાજગી પ્રશ્નો સ્વરૂપે વડોદરા રજૂ કરવા છતાં વહિવટી મંથરગતિએ કે અસંતોષકારક રહેવાની વ્યાપક પણે ગોધરાવાસીઓ સહિત દાહોદ-લુણાવાડા-ઝાલોદ-હાલોલના અરજદારો રોષ ઠાલવી રહ્યા છે. સમય અને નાણા ખર્ચીને વડોદરા નગરપાલિકા કમિશ્નર કચેરીમાં ધરમધક્ખા ખાવા છતા પ્રજાને કોઈ કામ પૂર્ણ નહીં કરીને તપાસ હેઠળ છે. પછીની મુદ્દતે પહોંચવાનું જણાવીને તેઓને ખાલી હાથે પરત ફરવાનો વારો આવતા નિશાશાભેર રડી રહ્યા છે. નિઃસહાય બનેલા આવા અરજદારો ન્યાય માટે વડોદરામાં આમતેમ ભટકવા છતાં આ નિષ્ઠુર નગરપાલિકા કમિશ્નરના પેટનું પાણી હાલતું નથી. પંચમહાલ-મહિસાગર-દાહોદ જીલ્લાના અઢળક પ્રશ્નોનો થપ્પો વડોદરાની નગરપાલિકા કમિશ્નર કચેરીમાં વર્ષ બે વર્ષથી પડતર હોવા છતાં કયારેય પ્રશ્નો જાણવા સ્થળે મુલાકાત લેતા નથી. ત્રણેય જીલ્લામાં કયારેય અરજદારોને રૂબરૂ મળતા નથી કે મુલાકાત અંગેની જાણ કે મળતા નથી કે મુલાકાત અંગેની જાણ કે સુનાવણીનું આયોજન આ વિવાદાસ્પદ નગરપાલિકા કમિશ્નર હાથ ધરતા નથી. જેના કારણે ગરીબ-મધ્યવર્ગીય પ્રજાના બાંધકામ, રસ્તા, લાઈટ, પાણીના પ્રશ્નો યથાવત રહેતા તેઓ હેરાન-પરેશાન છે. નગરપાલિકાના અધિકારીઓએ ઉકેલ ન કરી શકતા ઉચ્ચ કચેરી વડોદરા દ્વારા પણ એજ સ્થિતી છે. આજે આ કમિશ્નર ગોધરામાં પહોંચ્યા હતા. તે અંગેની પૂર્વ જાણકારી પણ અરજદારોને અપાઈ ન હતી અને બંધ બારણે પોતાના કેટલાક સ્ટાફ સાથે બંધ બારણે મીટીંગ આયોજન કરીને બિલ્લીપગે ગણતરીના સમયમાં વડોદરા પલાયન થઈ ગયા હતા. બાદમાં અધિકારી આવ્યા હોવાની જાણકારી મળતા કેટલાક રજૂઆતકર્તાઓ સ્થળે પહોંચ્યા હતા. પરંતુ તેઓ સાથે તેઓની મુલાકાત ન થતા હોબાળો મચી ગયો હતો. ત્યારે પ્રજાની રજૂઆત સાંભળતા નથી કે પ્રશ્નોનું નિરાકરણ કરતા નથી કે કયારેય ત્રણ જીલ્લાની મુલાકાત ન લેતા હોવાને લઈને લોકોએ આક્રોશ વ્યકત કરીને તેઓના અનઘડ વહીવટ સંભાળતા આ નગરપાલિકા અધિકારી વહીવટીમાં નિષ્ફળ નીવડ્યા છે. ત્યારે તેઓની અન્યત્ર બદલી કરીને સક્ષમ અધિકારીની આ પદ ઉપર નિમણૂંક થાય તેમ ઈચ્છી રહેલા કેટલાક લોકો ટૂંક સમયમાં ગાંધીનગર ફરિયાદ કરવા પહોંચ્યા છે. અને છેલ્લા કેટલાક સમયથી ગોધરા નગરપાલિકાના વહીવટ સામે પણ નારાજગી છે. પ્રજાના પ્રશ્નો યથાવત રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. તેમાંય રોડના કામો ગુણવત્તા વિહીન હોવાની ફરિયાદો સંદર્ભે કે પડતર રજુઆત બાબતે મળેલી બેઠકમાં અરજદાર સંજય ટહેલ્યાણીના પ્રશ્ને ત્રણ કોન્ટ્રાકટરો સામે એફ.આર.આઈ. કરી ભ્રષ્ટાચાર કરનાર સામે પગલા ભરવાનો ઉપસ્થિતી પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નરે આદેશ આપતા ખળભળાટ મચી ગયો છે.

## ઘોઘંબાના પાધોરા ગામે દુકાનની આડમાં પોસ ડોડાનું વેચાણ કરતા એક ઈસમને ઝડપ્યો

ઘોઘંબા,

પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે ઘોઘંબા તાલુકાના પાધોરા ગામના ગુલાબ ફળિયામાં રહેતો રમેશ મોહનભાઈ બારીયા પોતાના ઘર આગળ અનાજ કરિયાણાની દુકાનની આડમાં વગર પાસ મરમીટે પોસ ડોડાનુ વેચાણ કરી રહ્યુ છે. જેની સામે કાર્યવાહી કરવા એસ.ઓ.જી.એ ગોધરા બે સરકારી કર્મચારીઓને પંચ બનાવી તેમને સાથે રાખી છાપો મારતા રમેશ બારીયાના ઘરની ઓસરીમાં છુપાવેલ ૧.૫૯ કિલો પોસ ડોડાનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિ.રૂ.૧૦,૫૯૦/-આંકવામાં આવ્યો છે. પોસ ડોડાના જથ્થા સાથે એક રૂ.૨ હજારના મોબાઈ સાથે પોલીસે કુલ રૂ.૧૨,૫૯૦/-ના મુદ્દામાલ સાથે રમેશની અટકાયત કરી રાજગઢ પોલીસ મથકે લાવી તેના વિરુદ્ધ નાર્કોટિકસ એકટ હેઠળ ગુનો નોંધી તેનો કોરોના ટેસ્ટ કરાવવાની તજવીજ હાથ ધરી છે. રિપોર્ટ આવ્યા બાદ તેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરાશેનુ જાણવા મળેલ છે.

## પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લા પંચાયત બેઠક શેગવા ખાતે ચૂંટણીલક્ષી મીટીંગ યોજી



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડાના સુચના પ્રમાણે પંચમહાલ જિલ્લાની ગોધરા તાલુકાની સાપા જિલ્લા પંચાયતની બેઠક વિસ્તાર ની મીટીંગ શેગવા મુકામે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટીના ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં માજી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર તાલુકા કાર્યકારી પ્રમુખ આર એન પટેલ ચૂંટણીલક્ષી ઉપયોગી માર્ગદર્શન આપેલ હતું. તેમાં સ્થાનિક આગેવાનો કિરણસિંહ, ભારતસિંહ, વિરેન્દ્રસિંહ, ગણપતસિહ, કાસમ ખોડા, સાબતભાઈ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી સોશિયલ મશતફિંક્ષિભય થી પક્ષની આગામી કામગીરી વેગ આપવા કાર્યવાહી કરી હતી.

## શહેરાના ભદ્રાલા ગામેથી ૩૦ હજારનો દારૂ ઝડપ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ભદ્રાલા ગામ ના રહેણાંક મકાનમાંથી પોલીસે રૂપિયા ૩૦,૮૧૦નો દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની રેડ દરમિયાન પ્રખ્યાત બુટલેગર પીન્ટુ પગી મળીના આવ્યો હતો.

શહેરા તાલુકાના ભદ્રાલા ગામ માં ખુલ્લેઆમ પાછલા કેટલાક સમયથી રહેણાક મકાનમાં પીન્ટુ અને કોકી નામની મહિલા દારૂ અને બિયર નું વેચાણ કરી રહયા હતા. પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર નંદલાલ પ્રજાપતિ ને માહિતી મળતા તેઓ દ્વારા પી.એસ.આઇ જે.કે.ભરવાડ સહિતના સ્ટાફને સૂચના આપતા બુટલેગર ના રહેણાંક ઘરને ચારે બાજુથી કોર્ડન કરીને રેડ પાડી હતી. પોલીસની રેડ દરમિયાન પંચમહાલ જિલ્લામાં પ્રખ્યાત એવા બુટલેગર સુખી બેન ઉર્ફે કોકી ચૌહાણ અને જનક ઉર્ફે પિન્ટુ કાભસિંહ પગી મળી રેડ દરમિયાન મળી ના આવ્યા હતા. જ્યારે ઘરની અંદર સંતાડી રાખેલ રૂપિયા ૩૦,૮૧૦ નો દારૂ અને બિયરના જથ્થો પોલીસ એ પકડી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ એલ.સી.બી પોલીસે આજ બુટલેગરના ત્યાંથી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. તેમ છતાં બુટલેગર પીન્ટુ અને કોકી દારૂનો ધંધો બંધ કરવાની જગ્યાએ ફરીથી દારૂનો ધંધો શરૂ કર્યો હતો. ત્યારે આ બુટલેગર જનક ઉર્ફે પીન્ટુ કાભસિંહ પગી પાછળ કોનું પીઠબળ હોવાથી અનેક વખત દારૂમા પોલીસના હાથે પકડાયા પછી પણ તે ફરીથી દારૂ નો ધંધો બિન્દાસ્ત કરતો હોય છે.પોલીસ દ્વારા દોઢ માસની અંદર બીજી વખત દારૂ અને બિયરના જથ્થો પકડી પાડીને આ બુટલેગર સામે કાર્યવાહી હાથધરી હતી. પોલીસ તંત્ર દ્વારા પ્રખ્યાત બુટલેગર કોકી અને પીન્ટુ ને પકડી પાડી ને કેવા પ્રકારની કાર્યવાહી કરશે તે જોવુ જ બની રહયુ છે.

## હાલોલ-કંજરી રોડ પર તુલસીવીલામાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ૧.૯૩ લાખની ચોરી કરી

હાલોલ,

હાલોલ-કંજરી રોડ પર સરસ્વતી સ્કુલની પાછળ આવેલ તુલસીવીલા સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવીને રૂ.૧.૯૩ લાખના સોના-ચાંદીના દાગીના સહિત રોકડની ચોરી કરી ભાગી છુટતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી એફ.એસ.એલ., ડોગસ્ક્વોડની મદદ લઈ તપાસ હાથ ધરી છે. હાલોલની તુલસીવીલા એ-૨૮માં રહેતા અને પાવાગઢ દુધિયા તળાવ પાસે હોટલનો વ્યવસાય કરતા રાજેશભાઈ ભાઈશંકર જોશી શનિ-રવિ પાવાગઢ ખાતે યાત્રાળુઓ મોટી સંખ્યામાં આવતા હોઈ મકાનને સેન્ટર લોક સહિતના લોક મારી બે દિવસ પાવાગઢ ગયા હતા. દરમિયાન તસ્કરોએ ફાયદો ઉઠાવી મકાનના દરવાજાને લગાવેલ સેન્ટર લોક તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરી તોડી સોનાની વિંટીઓ, મંગળસુત્ર, ચેઈન સહિત દસ તોલા સોનાના દાગીના જેની કિં.રૂ.૧.૯૦ લાખ અને ચાંદીના ઝાંઝર કિ.રૂ.૩ હજાર મળી કુલ રૂ.૧.૯૩ લાખના દાગીનાની ચોરી કરી ભાગી છુટતા રાજેશભાઈએ હાલોલ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૪૩૫ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૭ પોઝીટીવ ક્સ નોંધાવા પામ્યા છે. નવા ૧૭ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૪૩૫ થવા પામ્યો છે.

- ૩૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૭૯.
- મૃત્યુ આંક - ૧૧૨.

તેમાં ગોધરામાં-૦૫, હાલોલ-૦૪, કાલોલ-૦૭, મોરવા(હ)-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## હાલોલ કોંગ્રેસ સમિતિ UP હાથરસ ખાતે યુવતિ ઉપર થયેલ દુષ્કર્મના આરોપીને ફાંસીની સજાની માંગ કરાઈ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ શહેર કોંગ્રેસ/તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા હાલમાં ઉત્તર પ્રદેશના હાથરસ ગામમાં દિકરી ઉપર બળાત્કારની ઘટના ઘટી હતી અને તેના અંતિમ સંસ્કાર પરિવારના વિના જ કરી નાખ્યો હતો. તેના અનુસંધાનમાં બળાત્કારીઓને ફાંસીની સજા થાય તે માટે આજરોજ હાલોલ પ્રાંત અધિકારીને આવેદન આપ્યું હતું. તેની સાથે હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા તાલુકાના ખેડૂતોની વધુ વરસાદના કારણે પાક નિષ્ફળ જતાં અસરગ્રસ્ત તાલુકાઓમાં સામેલ કરવા બાબતે તેમણે સહાય ચૂકવવામાં આવે તેની અનુલક્ષી હાલોલ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## મોરવા(હ)ના કડાદરા ગામના ૪૫ વર્ષીય વ્યકિતએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના કડાદરા ગામે રહેતા ૪૫ વર્ષીય વ્યકિત એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના કડાદરા ગામે ખાંટ ફળીયામાં રહેતા પારસીંગભાઈ ચંદુભાઈ ખાંટ ઉ.વ.૪૫ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મોતને વ્હાલું કરી લેતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## અનલોક-૫ ને અનુલક્ષી પંચમહાલ જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં જાહેર જનતાની સલામતી માટે તથા કોરોના વાઈરસનું સંક્રમણ અટકાવવા નવી માર્ગદર્શિકા મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતા અમિત અરોરા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લામાં નીચે મુજબના નિર્દેશોનું પાલન કરવા ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં નીચેની પ્રવૃતિઓને સોશીયલ ડિસ્ટન્સીંગ અને ફેસ કવર બાબતે સરકારના નિર્દેશો/ગાઈડલાઈનને અનુસરવાની શરતે મંજુરી આપવામાં આવી છે.

(૧) સિનેમા હોલ, થિયેટર અને મલ્ટીપ્લેક્ષ તા. ૧૫/૧૦/૨૦૨૦ થી ૫૦% કેપિસીટી સાથે ચાલુ કરી શકાશે. (૨) મનોરંજન પાર્ક અને સેમીનાર સ્થળો તા. ૧૫/૧૦/૨૦૨૦થી ચાલુ કરી શકાશે (૩) સ્વીમીંગ પુલ તા. ૧૫/૧૦/૨૦૨૦ થી ફકત ટ્રેનીંગ અને રમતવીરો માટે જ ચાલુ કરી શકાશે. (૪) બીઝનેશ ટુ બીઝનેશ એકઝીબીશન તા. ૧૫/૧૦/૨૦૨૦ થી યોજી શકાશે. (૫) પાર્ક અને પબ્લીક ગાર્ડન ખુલ્લા રાખી શકાશે. (૬) તમામ ધાર્મિક સ્થળો સામાજિક અંતરના પાલન સાથે એસ.ઓ.પી મુજબ ચાલુ રાખી શકાશે. (૭) હોટેલ અને રેસ્ટોરન્ટ રાત્રીના ૨૩:૦૦ કલાક સુધી તા. ૦૮/૦૬/૨૦૨૦ ની એસ.ઓ.પી મુજબ ખુલ્લા રાખી શકાશે. હોમ ડીલીવરી માટે કોઈ સમયમર્યાદા રહેશે નહી. (૮) શોપીંગ મોલ્સ તા. ૦૮/૦૬/૨૦૨૦ ની એસ.ઓ.પી મુજબ ખુલ્લા રાખી શકાશે. (૯) દુકાનો માટે કોઈ સમય મર્યાદા રહેશે નહી. (૧૦) ૬૦% કેપેસીટી સાથે લાયબ્રેરી શરૂ કરી શકાશે. (૧૧) સીટી બસ, પ્રાઈવેટ બસ અને જી.એસ.આર.ટી.સી.ની બસ સેવાઓ ૭૫% કેપેસીટી સાથે ચાલુ રાખી શકાશે. (૧૨) ઓટો રીક્ષા સેવા ૧-ડ્રાઈવર અને માત્ર ૨-પેસેન્જર માટે અવરજવરની પરવાનગી રહેશે. (૧૩) ટેક્ષી, કેબ અને ખાનગી વાહનો એક ડ્રાઈવર અને માત્ર ત્રણ પેસેન્જર માટે અવરજવરની પરવાનગી રહેશે. જો વાહનની કેપેસીટી છે કે તેથી વધુ હોય તો એક ડ્રાઈવર અને ચાર પેસેન્જર માટે અવરજવરની પરવાનગી રહેશે. (૧૪) પરિવારના ઉપયોગ માટે પ્રાઈવેટ વ્હીકલમાં એક ડ્રાઈવર અને ત્રણ વ્યકિતઓ અવરજવર કરી શકશે. (૧૫) ટુ વ્હીલરમાં બે (૧+૧) વ્યક્તિ અવરજવર કરી શકશે. આ તમામ પ્રવૃતિઓ માટે સંબધિત વિભાગ-સરકાર દ્વારા ઠરાવેલ એસ.ઓ.પી.નું પાલન કરવાનું રહેશે.

(૧) સામાજીક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા અન્ય કાર્યક્રમો તા.૦૧/૦૯/૨૦૨૦ ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ ૧૦૦ વ્યકિતઓની મર્યાદા તા. ૧૫/૧૦/૨૦૨૦ સુધી યથાવત રહેશે. ઉપરોક્ત બાબતો અંગે તા. ૧૫/૧૦/૨૦૨૦ પછીની માર્ગદર્શિકાઓ રાજય સરકારના ગૃહ વિભાગ દવારા બહાર પાડવામાં આવશે. તે મુજબ તમામે પાલન કરવાનું રહેશે. ૨) શાળા કોચીંગ સંસ્થાઓ તા. ૧૫/૧૦/૨૦૨૦ બાદ ક્રમશઃ પુનઃ શરૂ કરવા માટે રાજય સરકાર દવારા નિર્ણય કરવામાં આવશે. જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા સ્થાનિક પરિસ્થિતીને લક્ષમાં લઈ વિગતવાર એસ.ઓ.પી./સૂચનાઓ જાહેર કરવામાં આવશે. ૩) ઉચાફિળિંચક્ષિ ઙ્ઘાર ઈશલવચ઼ઊમીભફશિંજ્ઞક્ષ (ઉઈઊ), ખશક્ષશતિૃ઼ઙ્ઘાર ઊમી-ભફશિંજ્ઞક્ષ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં સ્થિતીની સમીક્ષા કરીને કોલેજો/ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાના સમય અંગે નિર્ણય લેવામાં આવશે. તે મુજબ તમામે પાલન કરવાનું રહેશે. આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ તમામે કરવાનું રહેશે. જાહેરમાં થૂકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.


## ગોધરા નગરપાલિકાના લાલબાગ ટેકરી મેદાનમાં ફટાકડા બજારના સ્ટોલ ફાળવવાની જાહેરાત વર્ષ-૨૦૨૦ માટે

આથી ફટાકડાનુ હંગામી વેચાણ કરતાં વેપારીઓ જેઓ લાલબાગ ટેકરી ખાતે નગરપાલિકાએ ફાળવેલ જમીનમાં સ્ટોલમાં ઉભા કરવા માંગતા હોય તેવા વેપારીઓ પાસેથી મે.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક-નપલસ/ફટક/વશી/૧૮૬૦-૬૪/૨૦૧૬ તા.૨૬-૦૯-૨૦૧૬ અંતર્ગત સ્ટોલ માટે જમીન ફાળવવાની માંગણી કરતી અરજી નીચેની શરતોએ મંગાવવામાં આવે છે.

શરતો :-

૧. ફટાકડા સ્ટોલ માટે ૧૨ ફુટ પહોળાઈ અને ૨૦ ફુટ લંબાઈની જમીન વાપરવાની રહેશે.
૨. ફટાકડાના સ્ટોલ માટે ફરાસખાના ની વ્યવસ્થા અને તેમાના માલસામાનની સુરક્ષાની જવાબદારી સ્ટોલધારકની રહેશે.
૩. હંગામી લાઈટ કનેકશન મેળવવાની જવાબદારી સ્ટોલધારકની રહેશે. લાઈટ કનેકશન માટે અત્રેથી એન.ઓ.સી. આપવામાં આવશે.
૪. ફટાકડાના વેચાણ અને સંગ્રહ માટે સરકારશ્રીની શરતોનું પાલેક સ્ટોર ધારકની રહેશે.
૫. સ્ટોલના વપરાશ માટે જમીનની ફાળવણી દશેરાના બીજા દિવસથી કરવામાં આવશે.

ઉપરોક્ત શરતોને આધીન રોલ માટેની જમીન મેળવવા માંગતાં વેપારીઓએ તેમના અનુભવ અને આગલા વર્ષના પરવાનાની વિગત સાથેની અરજી નગરપાલિકાના ટપાલ વિભાગ તથા ફાયર વિભાગમાં જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં કરવાની રહેશે. અને સ્ટોલ વપરાશ પેટે રૂા.૬૦૦૦/- જમા કરાવી પૈસા ભરાયાની પહોચ રજુ કર્યાબાદ રોલની ફાળવણી ડ્રો સીસ્ટમથી કરવામાં આવશે.

| એસ.પી. પટેલ | વર્ષાબેન ઠાકર | દિપકકુમાર સોની | ઈલેન્દ્રભાઈ પંચાલ |
|---|---|---|---|
| મુખ્ય અધિકારી | ચેરમેન કારોબારી કમીટી | ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા, ગોધરા | નગરપાલિકા, ગોધરા | નગરપાલિકા, ગોધરા | નગરપાલિકા, ગોધરા |

(માહિતી/ગોધરા/૪૧૬/૨૦૨૦)